વડીલોને વંદન અભિનંદન

કાન્તિભાઈ ડી. પરમાર
(૧૯૪૫)મો.૯૮૭૯૬૯૨૦૬૩

ખોડીદાસ એમ. જાદવ
(૧૯૩૯)ફોન: ૨૩૨૨૯૮૮૩

સિરાજ. એસ. વ્હોરા
(૧૯૫૫)મો.૯૯૨૫૮૩૪૨૯૦

હવે ગેરકાયદે સટ્ટા કેન્દ્ર અને ડબ્બા ટ્રેડીંગ કરનારાઓની ખેર નથી

હિંમતનગર, તા.૨૯

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં હવેથી વગર પરવાનગીએ ચાલતા સ્ટોક એક્ષચેન્જના સંચાલકો જો ગેરકાયદેસર રીતે આવી દુકાન કે ઓફિસો ચલાવતા હશે તો તેની પર પોલીસ તરત જ કાર્યવાહી હાથ ધરશે અને આવો ગેરકાયદસર વેપલો કરનારાઓની હવે ખેર નથી. જિલ્લામાં ડબા ટ્રેડીંગના સોદાઓ કરનારા માટે ગૃહ વિભાગની ગાંધીનગર રેન્જએ વગર પરવાનગીએ ચાલતા સ્ટોક એક્ષચેન્જ અને ક્રિકેટ સટ્ટાની પ્રવૃતિઓ સાથે સંકળાયેલા લોકોની માહિતી આપવા અપીલ કરી છે.

ગાંધીનગર વિભાગની રીડર શાખાના ઈન્સપેકટર ડી.પી.ચુડાસમાએ જણાવ્યુ છે કે પરવાનગી વિના જે સ્ટોક એક્ષચેન્જ ગેરકાયદેસર રીતે ચાલતા હોય છે, તેના સંચાલકો ઈન્ટરનેટ ઓનલાઈન કે વિવિધ માધ્યમો દ્વારા શેરના ભાવ મેળવી ખરીદવેચાણ કરતા હોય છે અને સ્ટોક એક્ષચેન્જ દ્વારા સરકારને લેવાના થતાં ટેક્ષના નાણાં ન ભરી આર્થિક નુકશાન કરતા હોય છે. જેમાં ઘણી વખતે લોકોના શેર અને નાણાંની સલામતી ન રહેતા તેમજ લોકો અને સરકાર સાથે છેતરપિંડી કરતા હોય છે. કેટલીકવાર સ્ટોક એક્ષચેન્જ ચલાવનારા સંચાલકો લોકોના નાણાં લઈ જતા રહેતા રોકાણકારો પાયમાલ થાય છે.

સ્ટોક એક્ષચેન્જના નામે ડબા ટ્રેડીંગ અને ક્રિકેટના સટ્ટાની પ્રવૃતિ ચલાવનારા ઓફિસદુકાનના સંચાલકોની માહિતી આપવા માટે રેન્જના અધિકારીઓ દ્વરા અપીલ કરાઈ છે. જેમાં વિગત આપનારની ઓળખ ગુપ્ત રખાશે અને પોલીસ વિભાગની કોઈ પણ શાખા દ્વારા કાર્યવાહી કરી તેની જાણ કરાશે.

મોડાસાના દાવલી પાટીયા પાસે ટ્રીપલ અકસ્માત

મોડાસા, તા.૨૯

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના નેશનલ હાઈવે નં. ૮ પર આવેલા દાવલી ગામના પાટીયાના રોડ ક્રોસીંગ પર બોલેરો જીપ, રીક્ષા અને સ્વીફટ કાર વચ્ચે ધડાકાભેર અકસ્માત સર્જાતાં ૧૦ વ્યકિતઓને ગંભીર ઈજાઓ થઈ હતી. અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ આ ઘાયલોને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડી મોડાસા રૂરલ પોલિસને જાણ કરતાં મોડાસા રૂરલ પોલિસે અકસ્માતની વધુ તપાસ હાથ ધરી છે.

મોડાસા રૂરલ પોલિસ સ્ટેશનના સુત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ મોડાસાના દાવલી પાટીયા પાસે બપોરે વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. જેમાં દાવલી પાટીયા પાસે રોડ ક્રોસિંગ કરતી વખતે બોલેરો જીપને શામળાજી તરફથી પૂરપાટ ઝડપે આવી રહેલી સ્વીફટ કારે ટકકર મારતાં બોલેરો કાર પલટી ખાઈ રોડ પર નજીકમાં ઉભેલી રીક્ષાને અથડાતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં બોલેરો કાર પલટી ખાઈ ઉંધી પડી ગઈ હતી. બોલેરો કારમાં સવાર ૧૦ વ્યકિતઓને શરીર પર ગંભીર ઈજાઓ થતાં તાત્કાલિક તેઓને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ વિચિત્ર અકસ્માતની જાણ મોડાસા રૂરલ પોલિસ સ્ટેશનના પી.એસ.આઈ. ઝાલા અને રાઈટર ચંદ્રસિંહની ટીમને થતા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ દાવલી પાટીયા પાસેના રોડ ક્રોસિંગ પર ૧૨ મહિનામાં ૨-૩ ગમખ્વાર અકસ્માત થતા હોવાથી નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારા કોઈ નકકર પગલા ભરી આ જગ્યા પર બમ્પ બનાવવા અને સર્કલ બનાવવાની તસ્દી પણ લેવામાં આવતી નથી તેમજ આ જગ્યા પર કોઈ દિશાસૂચક ચિન્હો પણ નેશનલ ઓથોરીટીએ મૂકયા ન હોવાથી અને શામળાજી તરફથી આવતી ગાડીઓની સ્પીડ વધારે હોવાથી દાવલી ગામ તરફથી આવતા વાહનચાલકોને વારંવાર અડફેટમાં લેવાની ઘટનાઓ બનતી હોવાથી અહિં તાત્કાલિક બમ્પ અને ઝીબ્રા ક્રોસિંગ બનાવવામાં આવે તેવી લોકોએ માંગ કરી હતી.

ખેડબ્રહ્મામાં બાઈકની ચોરી

હિંમતનગર, તા.૨૯

ખેડબ્રહ્મા ખાતે વડાલી વાઘેલા દરજી સમાજના સમુહલગ્ન મહોત્સવ ઉન્ડવા ખાતે મંગળવારે યોજાયો હતો. જયાંથી બાઈક ચોરાતા તે અંગે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી.

આ અંગેની વિગત એવી છે કે વાડોઠ ગામના મહેશભાઈ ભીખાભાઈ પ્રજાપતિ ખેડબ્રહ્મામાં દરજી કામ કરે છે. તેઓ મંગળવારે ખેડબ્રહ્મા દુકાને આવ્યા હતા. ત્યારે તેમના ગામના દરજી પ્રજ્ઞેશકુમાર ભીખાભાઈ દરજીનો ફોન આવેલ અને જણાવેલ કે અમારે ખેડબ્રહ્મામાં સમાજના સમુહલગ્ન હોઈ ત્યાં જવાનું હોઈ બાઈક લઈ ગયા હતા. દરમિયાન પ્રજ્ઞેશભાઈનો ફોન આવેલ કે હું બાઈક નં. જીજે. ૯. એ. એન. ૧૭૪૪ કિંમત રૂા.૨૦ હજારનું પાર્કીંગમાં મુકી અંદર મુકયુ હતું. ત્યારબાદ પરત આવ્યા ત્યારે પાર્કીંગમાં બાઈક ન હતું. આ અંગે તપાસ કરવા છતાં બાઈક ન મળતા બુધવારે મુકેશભાઈ પ્રજાપતિએ અજાણ્યા ઈસમ વિરૂધ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

હિંમતનગરના પેથાપુરનો યુવક ગુમ થતાં ફરિયાદ

હિંમતનગર તાલુકાના પેથાપુર ગામેથી ગત સોમવારે નિરવકુમાર અનિલભાઈ પટેલ (ઉ.વ.૨૫) ધાણધા પાસે આવેલ ફેક્ટરીમાં નોકરી જવાનું કહી ગયા બાદ પરત આવ્યો ન હતો. જેથી પરિવારજનો દ્વારા તેની શોધખોળ કરાઈ હતી. કોઈ પત્તો ન મળતા યુવકના પિતા અનિલભાઈ ડાહ્યાભાઈ પટેલે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે ઘટતી કાર્યવાહી હાથ ધરી છે.

તલોદ માર્કેટયાર્ડમાં ચેરમેનની ચૂંટણી સંપન્ન

હિંમતનગર, તા.૨૯

તલોદ માર્કેટયાર્ડના બોર્ડ ઓફ ડિરેકટર્સની તાજેતરમાં થયેલી ચૂટણી બાદ બુધવારે અરવલ્લી જિલ્લા રજીસ્ટ્રારની ઉપસ્થિતિમાં ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી યોજાઈ હતી. જોકે ચેરમેનની ચૂંટણીમાં પક્ષના મેન્ડેડની વિરૂધ્ધમાં જઈને ચૂંટાયેલા એક સભ્યએ ઉમેદવારી કરી હતી. પરંતુ તેમનો રકાસ થયો હતો.

આ અંગેની વિગત એવી છે કે તલોદ માર્કેટયાર્ડમાં બુધવારે ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી માટે અરવલ્લી જિલ્લા રજીસ્ટ્રારની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ હતી. જેમાં ચેરમેન પદ માટે ભાજપ દ્વારા ગજેન્દ્રસિંહ પુવારે ફોર્મ ભર્યુ હતું. ઉપરાંત માર્કેટયાર્ડના પૂર્વ ચેરમેન ભરતભાઈ પટેલે પણ ઉમેદવારી નોંધાવતા મતદાન કરાયુ હતું. જેમાં ગજેન્દ્રસિંહને ૯, જયારે ભરતભાઈ પટેલને ૮ મત મળ્યા હતા.

વાઈસ ચેરમેન પદ માટે અભયભાઈ શાહ અને વિજયભાઈ રામીએ ઉમેદવારી કરી હતી. જેમાં અભયભાઈ શાહને ૯ મત મળ્યા હતા.જેથી તેમનો વિજય થયો હતો. ઉલ્લેખનીય છે કે ભાજપ દ્વારા ચેરમેન માટે ગજેન્દ્રસિંહ અને વાઈસ ચેરમેન માટે અભયભાઈ શાહને મેન્ડેડ આપ્યો હતો. તો બીજી તરફ ભાજપના જ સભ્યોએ મેન્ડેડની અવગણના કરી ઉમેદવારી કરતા પક્ષમાં રહેલી આંતરિક જૂથબંધી સપાટી પર આવી હતી.

આ અંગે જિલ્લા ભાજપના પ્રમુખ પી.સી.પટેલે જણાવ્યુ હતું કે પક્ષ વિરૂધ્ધ પ્રવૃતિ કરનાર સામે શિસ્તભંગના પગલા લેવામાં આવશે તો બીજી તરફ એવુ પણ ચર્ચાઈ રહ્યું છે કે આગામી સમયમાં જિલ્લા અને તાલુકા પંચાયતની આવી રહેલી ચૂંટણીમાં ભાજપ માટે કપરા ચઢાણ રહેશે.

શબ્દાવલી - ૫૭૧૬

૧	૨	૩		૪	■	૫	૬
૭			■	૮			
■	૯		૧૦		■	૧૧	
૧૨		■	૧૩			■	
	■	■	૧૪		■	૧૫	
૧૬	૧૭	૧૮	■	■	૧૯		
૨૦			■	૨૧			■
	■	૨૨			■	૨૩	

આડી ચાવી

૧. સદ્ય યુવાન (૫)
૫. ક્ષમા (૨)
૭. ત્યજાયેલ સ્ત્રી (૩)
૮. તારામંડળ, ફટાકડાં (૪)
૯. એક મોટું ફળ (૪)
૧૧. 'દ્યમ'નું ઊંધુ (૨)
૧૨. તલ્લીન, રત (૨)
૧૩. કકુમ્બર (૩)
૧૪. પાણી, વારિ (૨)
૧૫. ભલુ કરનાર, ભોળુ (૨)
૧૬. સ્ત્રી (૩)
૧૯. ક્રિડા કે વિલાસવાળુ (૩)
૨૦. શ્રીરામ (૩)
૨૧. કમાવા, રળવા (૩)
૨૨. પીડા, દુ:ખ (૩)
૨૩. લોહિ, શોણિત (૨)

ઊભી ચાવી

૧. સાચુ (૨)
૨. ડૉકટર (૪)
૩. દેખાડ (૩)
૪. ફરાર, જવું તે (૫)
૫. મધ્યમ, વચ્ચેનું (૩)
૬. એક અભિનેત્રી (૬)
૧૦. દાઢી અને ગાલ ઉપર આવે તેમ માથે કપડું બાંધવું તે (૩)
૧૨. અધીરાઇ, ચંચળતા (૫)
૧૫. શક્કરવાર (૪)
૧૭. નિયમ (૨)
૧૮. તાબુત (૩)
૧૯. સોગન (૨)
૨૧. યશોદ્યમા કાનુડાને... કહીને બોલાવે (૨)

શબ્દાવલી ૫૭૧૫ના જવાબ

આડી ચાવી :- (૧) આસપાસ (૬) સપ્તપદી (૮) શ્વસુર (૧૦) તનુજા (૧૨) સુરદાસ (૧૩) મસીહા (૧૪) ગમો (૧૬) આગમન (૧૭) હોમ (૧૮) ઝાલર (૧૯) લુહાર

ઊભી ચાવી :- (૧) આરી (૨) પાસ (૩) સપ્તર્ષિ (૪) આદીશ્વર (૫) સામરસ (૭) છાનુ (૯) સુદ્યમા (૧૦) તસ્વીર (૧૧) જામનગર (૧૨) સુહાગન (૧૫) પામર (૧૬) આલ (૧૭) હોહા

હિંમતનગર પાલિકા દ્વારા પાંચ સીટી બસની ખરીદી કરાશે

હિંમતનગર, તા. ૨૯

હિંમતનગર નગરપાલિકાની બુધવારે મળેલી સામાન્ય સભામાં પાંચ નવી સીટી બસોની ખરીદવાની દરખાસ્ત મંજુર કરવામાં આવતા આગામી દિવસોમાં હૂડા વિસ્તારમાં સમાવિષ્ટ ૧૧ ગ્રામ પંચાયત વિસ્તારમાં રહેતા લોકોને સીટી બસ સેવાનો લાભ મળશે.

આ અંગેની વિગત એવી છે કે નગરપાલિકાના પ્રમુખ શંકરભાઈ કહારના અધ્યક્ષ સ્થાને બુધવારે નગરપાલિકાના સભાગૃહમાં સામાન્ય સભા મળી હતી. જેમાં નગરપાલિકા દ્વારા વિવિધ કામો માટે ઈટેન્ડરીંગ પ્રક્રિયા કરી મંગાવવામાં આવેલા ટેન્ડરો અંતર્ગત એલ૧ એજન્સીના ભાવો મંજુર કરવા તેમજ ઈટેન્ડરની કરેલી કાર્યવાહીની પ્રક્રિયાને બહાલી આપવામાં આવી હતી. નગરપાલિકાના પ્રમુખ શંકરભાઈ કહારે ઉપસ્થિત સદસ્યોને જણાવ્યુ હતું કે હિંમતનગર નગરપાલિકા દ્વારા નાગરિકોને સીટી બસનો લાભ વધુ મળે તે માટે સતત પ્રયાસો કરવામાં આવે છે.

દરમિયાન હિંમતનગર નગરપાલિકા દ્વારા અલગ અલગ ચાર રૂટો પર બસો દોડાવવામાં આવે છે. જેથી શાળા, કોલેજના વિદ્યાર્થીઓને ૫૦ ટકા કનસેશનનો લાભ મળે છે. નવીન પાંચ બસો ખરીદાયા બાદ હૂડા વિસ્તારમાં સમાવેશ ૧૧ ગ્રામ પંચાયતના મુસાફરોને સીટી બસ સેવાનો લાભ મળશે. જેથી સીટી બસોની ખરીદી કરવા માટેનો નિર્ણય લેવાયો છે. જેથી ઉપસ્થિત સદસ્યોએ નવી સીટી બસ ખરીદવાના નિર્ણયને આવકારી સર્વાનુમતે ઠરાવ મંજુર કર્યો હતો.

ઉપરાંત યુડીપી પ્રોજેકટ અંતર્ગત કિસાન ગાર્ડનવાળી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની જગ્યામાં નગરપાલિકા દ્વારા કરવામાં આવેલ આયોજન રદ કરવાનો નિર્ણય કરાયો હતો. નગરપાલિકાની સામાન્ય સભામાં ઉપપ્રમુખ કલ્પનાબેન પટેલ, શાસક પક્ષના સદસ્ય સવજીભાઈ ભાટી, સાવનભાઈ દેસાઈ, હેમંતભાઈ મહેતા સહિત નગરપાલિકાના ચીફ ઓફીસર પ્રણવ પારેખ, સુરજભાઈ રાઠોડ સહિત વિરોધપક્ષના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

કલેક્ટર લાલઘૂમ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ગાંધીનગર શહેરમાં વન વિભાગની જમીનમાં જ વૃક્ષોના પાંદડાઓથી થતી ગંદકી સામે વન વિભાગ દ્વારા દાખવવામાં આવતી ઉદાસીનતા સાથે પણ સખ્ત નારાજગી કલેક્ટરશ્રીએ વ્યક્ત કરી હતી.

આ બેઠકમાં વન વિભાગને સ્વચ્છતા જાળવવા માટે ફળવાતી ગ્રાન્ટ કોર્પોરેશનને તબદીલ કરવી જોઈએ તેવો વિચાર પણ રજુ થયો હોવાનું જાણવા મળેલ છે.

શૈક્ષણિક સંકુલની આસપાસ ગ્રામ્ય વિસ્તારમાં ઉભા થતા ઉકરડાઓ દૂર કરવા તેમજ ગંદકી ફેલાવનારા લોકો સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવે તેવી ઉગ્ર લાગણી વ્યક્ત થઈ હતી.

કોર્પોરેશન દ્વારા પણ ગંદકી ફેલાવનારાઓ સામે દંડનીય કાર્યવાહી સઘન રીતે કરવામાં આવે તે જરૂરી હોવાનું કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું.

ગ્રામ્ય વિસ્તારમાં સ્વચ્છતા મિશનનું અસરકારક મોનીટરીંગ થાય તેવો આગ્રહ પણ કરવામાં આવ્યો હતો.

પદવીદાન સમારોહ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

હતું. આ પ્રસંગે ગુજરાત રાજ્યનાં ગૃહ રાજ્યમંત્રી રજનીકાંત પટેલ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી, ગાંધીનગરની સ્થાપના ગુજરાત સરકાર દ્વારા સને ૨૦૦૮માં કરવામાં આવેલ.

યુનિવર્સિટીની એકેડેમીક એક્ટીવીટીઝ જુલાઈ-૨૦૦૯ થી શરૂ થયેલ છે. આ સ્ટેટ ઓફ ધી આર્ટ ગ્રીન હાઉસ અને હાઈલી સીક્યોરડ કેમ્પસ ૫૦,૦૦૦ સ્કવેર મીટરમાં તૈયાર કરવામાં આવેલ છે.

તલોદમાં કપાસીયા ખોળની ફેક્ટરીમાં ભીષણ આગ : કરોડોના નુકશાનનો અંદાજ

મંગળવારની મધ્યરાત્રિએ લાગેલ આગને બુધવાર સવાર સુધી કાબુમાં ના લઈ શકાઈ : કોઈ જાનહાનિ નહી, માલિકનો આબાદ બચાવ : માલિકનું બાઈક પણ ભસ્મીભૂત

તલોદ, તા. ૨૯

તલોદ મામલતદાર કચેરી સામે આવેલ શિવ ઈન્ડસ્ટ્રીઝમાં તા. ૨૮મી એપ્રિલ મંગળવારે મધ્યરાત્રિએ લાગેલ ભીષણ આગ બીજા દિવસે સવાર સુધી કાબૂમાં આવી શકી નહોતી. સદ્‌ભાગ્યે ફેક્ટરીમાં રજા હોવાથી કોઈ કામદાર હાજર હતા નહીં પરંતુ ફેક્ટરી માલિકનો આ આગમાં આબાદ બચાવ થવા પામ્યો હતો. ફેક્ટરીમાં આગના કારણે ૨ થી ૩ કરોડનું નુકસાન થયાનો અંદાજ મનાય છે.

તલોદ-મજરા રોડ પર મામલતદાર કચેરીની સામે કપાસીયા, કપાસ ખોળ અને કપાસના કાચા તેલની ફેક્ટરી શિવ ઈન્ડસ્ટ્રીઝમાં મંગળવારે રાત્રે ૧ વાગ્યાના સુમારે ભયાનક આગ લાગી હતી. આગના કારણે ફેક્ટરીમાં સુતેલા માલિક રમેશભાઈ લાલકીયા સફાળા જાગી જીવ બચાવી બહાર દોડી આવ્યા હતા. 'રસ મલાઈ' માર્કાનો કપાસ ખોળ બનાવતી આ ફેક્ટરીમાં આગે જોત જોતામાં ભયાનક સ્વરૂપ ધારણ કર્યુ હતુ. જેમાં અડધી ફેક્ટરી ભરડામાં આવી ગઈ હતી અને ફેક્ટરીમાં પડેલું એક બાઈક પણ ભસ્મીભૂત થઈ ગયું હતું. આગને કાબુમાં લેવા તલોદ નગર પંચાયત અને પ્રાંતિજની ફાયર બ્રિગેડને બોલાવાઈ હતી. જોકે પ્રાંતિજની ફાયર ફાઈટરના બંબાની પાઈપ ફાટી જતાં હિંમતનગરથી ફાયર ફાઈટર મંગાવાયુ હતુ અને આગને કાબુમાં લેવા ચોતરફથી પ્રયત્ન હાથ ધરાયા હતા.

જો કે આગ એટલી ભીષણ હતી કે બીજા દિવસે સવારે ૧૦.૧૫ વાગ્યા સુધી પણ કાબુમાં આવી નહોતી અને આકાશ ધુમાડાના ગોટેગોટાથી છવાઈ ગયું હતું. આગને કારણે ફેક્ટરીમાં રૂપિયા ૨ થી ૩ કરોડનું નુકશાન થયાનો પ્રાથમિક અંદાજ મુકાઈ રહ્યો છે તેવું જયેશભાઈ પટેલ નામના સ્થાનિક અગ્રણીએ જણાવ્યું હતુ. આગ લાગવાનું કારણ હજુ સુધી જાણવા મળ્યું નથી.

સવગઢમાં ચાર શખ્સોએ કિંમતી દસ્તાવેજો ચોરી ધમકી આપતા ફરિયાદ

હિંમતનગર, તા.૨૯

હિંમતનગરના સવગઢમાં આવેલી રોયલ રેસીડેન્સીની ઓફિસમાં ઘૂસી ગત ગુરૂવારે સવગઢમાં જ રહેતા પિતા-પુત્રો સહિત ચાર શખ્સોએ ફ્રીજ, ફર્નિચર સાથે કિંમતી દસ્તાવેજોની ચોરી કરી એક ઈસમને ગાળો ભાંડી જાનથી મારવાની ધમકીઓ આપતા મામલો ગરમાયો હતો. ચારેય જણાએ રેસીડેન્સીના રહીશ પાસેથી મકાનનો રૂા.૧૫ લાખમાં એગ્રીમેન્ટ કર્યા બાદ રૂા.૫ લાખ ચૂકવી અને બાકીના રૂા.૧૦ લાખ સમય મર્યાદામાં ન ચુકવી ઉપરથી જાનથી મારવાની ધમકીઓ આપતા રોયલ રેસીડેન્સીના રહીશે ચારેય જણા વિરૂધ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં બુધવારે ફરિયાદ નોંધાવી હતી.

હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનના સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર સવગઢ નજીક રોયલ રેસીડેન્સીના મકાનો આવેલા છે. જે રેસીડેન્સીના બી૧૮માં રહેતા અને ઓફિસ સંભાળતા નાનજીભાઈ ગલસંગભાઈ બારૈયા પાસેથી નૂર કોલોનીમાં રહેતા ચાર પિતાપુત્રોએ રૂા.૧૫ લાખમાં મકાનનો એગ્રીમેન્ટ કરાવ્યો હતો. જેમાં ચારેય જણાએ રૂા.૫ લાખની રકમ ચુકવી બાકીના રૂા.૧૦ લાખ એગ્રીમેન્ટમાં જણાવેલા સમય દરમિયાન ચુકવ્યા ન હતા. દરમિયાનમાં ગત ગુરૂવારે નૂર કોલોનીમાં રહેતા અજીજઅહેમદ મેમણ, જાકીરહુસેન મેમણ, ઈદરીશ મેમણ અને તેના પિતા ગુલામનબી મેમણે રોયલ રેસીડેન્સીની નાનજીભાઈની ઓફિસવાળા મકાનમાં પ્રવેશી તેમને બિભત્સ ગાળો ભાંડી જાનથી મારવાની ધમકી આપી હતી. તેમજ ચારેય જણાએ એકબીજાની મદદગારીથી ઓફિસમાંથી ફ્રીજ, ફર્નિચર તેમજ કિંમતી દસ્તાવેજો ચોરી ભાગી છુટતા મામલો ગરમાયો હતો.

આ ઘટના સંદર્ભે મૂળ નરોડા અમદાવાદના અને હાલમાં સવગઢમાં રહેતા નાનજીભાઈ ગલસંગભાઈ બારૈયાએ બુધવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે સવગઢના અજીજઅહેમદ ગુલામનબી મેમણ, જાકીરહુસેન મેમણ, ઈદરીશ મેમણ અને ગુલામનબી મેમણ વિરૂધ્ધ ગુનો દર્જ કરીને ઘટનાની તપાસ હાથ ધરી છે.

પાલનુરમાં નશા માટે ટાયર પંકચરની પેસ્ટનો ઉપયોગ કરતા યુવાનો

ખુલ્લે આમ પેસ્ટ હાથ રૂમાલમાં નાખી નશો કરી બેભાન બની રહ્યા છે



પાલનપુર, તા.૨૯

આજકાલ સમાજનું યુવાધન નશાખોરીના રવાડે ચઢી અણમોલ જીવનને અસ્ત વ્યસ્ત કરી બરબાદ કરી રહ્યું છે.

વર્તમાન સમયમાં નશાની આદત સે મજબુર લોકો નશો કરવા નવીન અજીબો ગરીબ પેંતરા અને નુસખા કરી કરી રહ્યા છે. દારૂ-ચરસ અને ગાંજો-અફીણ બાદ હવે નવી જ શોધ એવી ટાયર પંકચર બનાવવા માટે વપરાતી કેમીકલ પેસ્ટનો ઉપયોગ કરી રહ્યા છે. નશાના રવાડે ચડેલા યુવાનો ખુલ્લેઆમ નશો કરી જાહેરમાં બેભાન બની રહ્યા છે.

સમાજનું યુવાધન નશાની આદતથી લાચાર બની રહ્યું છે. યુવાનો દારૂ-ચરસ, ગાંજો-અફીણનો ઉપયોગ કરી નશામાં ધૂત બની રહ્યા છે. અનેક પ્રકારના નશીલા પદાર્થોના સેવન પછી નવી જ શોધ એવા ટાયર પંકચર બનાવવા માટે વપરાતી કેમીકલ પેસ્ટનો ખુલ્લે આમ નશો કરી રહ્યા છે. આ પેસ્ટને યુવાનો હાથરૂમાલમાં નાંખી તેને સુંઘી નશો લઈ રહ્યા છે. આવી જ આદતથી મજબુર યુવાન હાલ પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યો છે. ત્યારે આ કિસ્સો હાલ સમાજમાં ઉદાહરણ રૂપ બની રહ્યો છે.

મહિલા મેયર બનશે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

પ્રોરેટા મુજબ અપાશે કે નહિ તે મુદ્દે પણ સ્પષ્ટ વલણ થઈ ચુકયું છે અને સત્તાધારી પક્ષના જ ૧૨ સભ્યોને સ્થાન અપાશે. અર્થાત પક્ષનો કોઈ સભ્ય બાકાત રહેશે નહિ. બીજી તરફ વધુ એકથી બે સમિતિઓની રચના કરવાના મુદ્દે પણ ચર્ચાઓ ચાલી રહી છે જેથી કોઈ સભ્યોમાં કડવાશ ઉભી ના થાય.

જે વાતો ચાલે છે તેમાં મેયરની પસંદગી નવા સેકટરોમાંથી થશે તો ડે. મેયરની પસંદગી જુના સેકટરોની બાજુમાં વિકસેલા વિસ્તારોમાંથી થાય. આ ઉપરાંત સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનની પસંદગી પણ નવા સેકટરોમાંથી જ કરવામાં આવે તેવી શકયતાઓ વધુ છે. જો કે જુના સેકટરોમાંથી પણ લગભગ વધુ પ્રતિનિધિત્વ સમિતિઓમાં આપી સંતુલિત રચના કરવાની કવાયત ચાલી રહી હોવાનું સત્તાધારી પક્ષના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

એક વ્યકિત એક જ હોદ્દાની નીતિનો પણ કડકાઈથી અમલ કરવામાં આવશે. પક્ષ દ્વારા હવે શિસ્ત વિશે વધુ આકમક વલણ દાખવવામાં આવશે. તેવા સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે. કોઈની સાથે કોઈ પણ પ્રકારની બાંધછોડ નહિ કરાય.

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીઓ પછી તુરત જ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીઓ આવી રહી છે તેથી ભાજપના પ્રદેશ નીરીક્ષકો આ ચૂંટણી પ્રક્રિયા દરમિયાન હાજર રહે તેવી શકયતાઓ પણ છે. અને શિસ્ત માટે સભ્યોને કડક તાકીદ કરે તેવું પણ મનાઈ રહ્યું છે.

બંને પક્ષોએ હજુ તેમની રણનીતિના કાર્ડ છાતી સરખા રાખ્યા છે જો કે જંગ બરાબરીનો હશે તેમ તેઓ કહી રહ્યા છે.

એક તબક્કે સંપૂર્ણ મહિલા સંચાલિત કોર્પોરેશનની રચના અંગે પણ વિચારણા થઈ હોવાની વાતો રાજકીય વર્તુળોમાં થતી જોવા મળી છે.

ટચૂકડી જાહેર ખબર
ભાડે આપવાનો છે
3-BHK ફ્લેટ, ગેસ કનેક્શન સાથે, પહેલા માળ, સિદ્ધાર્થ રેસિડેન્સી, ધ-ઉથી માત્ર 3-KM, ન્યુ વાવોલ, ગાંધીનગર
ભાડુ : રૂ. ૬૦૦૦/-
મો. : ૯૯૨૫૨ ૧૦૩૫૨
મો. : ૯૫૧૦૨ ૬૭૪૪૦